
CMYK
CMYK
ડાયાબિટીસ
ડો.પોમા શાહ
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન
કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
બી.પી., 2D ઈકો
કે.પી હોસ્પિટલ નિલમબાગ સર્કલ ભાવનગર (278) 2424108 / 7265833325

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8 તા.૨૦-૦૧-૨૦૨૬, મંગળવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

EFCEE SAROVAR PREMIERE bhavnagar A SAROVAR HOTEL
LEELA WORLD WIDE
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com


## યુનિ. ગ્રાઉન્ડમાં એનએસયુઆઈ દ્વારા જનતા રેડમાં ગાંજો પકડાતા ગરમાવો, પોલીસ દોડી ગઈ

### ગ્રાઉન્ડમાં દારૂની ખાલી બોટલો, ગાંજો અને ડ્રગ સેવન માટેના ગોગો પેપર સહિતની સામગ્રી પણ મળ્યાનો દાવો

ભાવનગર,તા.૨૦

એનએસયુઆઈ દ્વારા ડ્રગ્સ મૂકત કેમ્પસ અભિયાન આજે ભાવનગરમાં હાથ ધરાયું હતું. દરમિયાનમાં એમકેબી યુનિ.ના ક્રિકેટ ગ્રાઉન્ડ નજીક કેટલાક વિદ્યાર્થીઓ ગાંજો પી રહ્યા હોવાની માહિતી મળતા ત્યાં જનતા રેડ કરાઈ હતી જેમાં એક બાઈકમાં સંતાડેલ ગાંજો મળી આવ્યાનો દાવો કરાયો છે આ સાથે ગુજરાત સરકાર અને પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવી આક્ષેપો કરાયા છે.

ભાવનગરમાં આજે કાર્યક્રમના ભાગરૂપે એનએસયુઆઈ અને કોંગ્રેસના પ્રદેશ આગેવાનોની ઉપસ્થિતિ હતી દરમિયાનમાં કેટલાક યુવાનો યુનિ. કેમ્પસમાં ક્રિકેટ ગ્રાઉન્ડ નજીક ગાંજો ફૂકી રહ્યા હોવાની બાતમી મળતા ત્યાં જનતા રેડ કરાઈ હતી. એનએસયુઆઈના હોદેદારોએ આક્ષેપ કર્યો હતો કે, યુનિ. કેમ્પસમાંથી દારૂની ખાલી બોટલ, ડ્રગ્સ અને ગાંજાના સેવન માટેની સામગ્રી વિગેરે મળી આવી છે જે દર્શાવે છે કે કેમ્પસમાં જ ડ્રગ્સ, દારૂ અને ગાંજાનું દૂષણ ફેલાયેલું છે.






વિદ્યાર્થી આગેવાનોની તપાસમાં સ્થળ પર પાર્ક થયેલ હોન્ડા મોટર સાઈકલ નંબર GJ04EB 4149 માં સીટ નીચે સંતાડી રખાયેલ પેકેટ શોધી કાઢ્યું હતું જેમાં રહેલ પ્રદાર્થ લીલો ગાંજો હોવાનો દાવો કરી આગેવાનોએ ગુજરાત સરકાર અને પોલીસ તંત્રની ડ્રગ્સ અને ગાંજા સામેની ઝુંબેશ અંગે સવાલો ઉઠાવી સાથે આક્ષેપો કર્યા હતા. દરમિયાનમાં નિલમબાગ પોલીસ પણ સ્થળ પર દોડી ગઈ હોવાનું જાણવા મળ્યું છે ત્યારે પોલીસ તપાસમાં શું ખુલે છે અને કોની સામે ગુન્હો દાખલ થાય છે તે જોવું રહ્યું.

## ભરતનગરના પોલીસ કોન્સ્ટેબલનો મોબાઈલ હેક કરી પરપ્રાંતીય શખ્સે રૂ.૧.૧૦ લાખ બેન્કમાંથી ઉપાડી લીધા

ભાવનગર,તા.૨૦

આપણા દેશમાં ઓનલાઈન ટ્રાન્જેકશન શરુ થયા બાદ સાઈબર ક્રાઈમના ગુનાનું પ્રમાણ પણ વધ્યું છે. તંત્ર દ્વારા સાયબર ગાઠીયાઓથી બચવાના ઉપાયો જણાવે છે પરંતુ આવા સાયબર ઠગો અવનવી યુક્તિઓ લઈ આવી લોકોને છેતરવાનું બંધ નથી કરતા. આવોજ એક કિસ્સો ભાવનગરના પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ સાથે બન્યો છે. સાત મહિના અગાઉ તેનો મોબાઈલ અચાનક બંધ થયેલ અને નવું સીમકાર્ડ બદલાવી આધાર કાર્ડમાં સુધારો કરાવી મોબાઈલ ચાલુ કરતા તેના બેન્ક એકાઉન્ટમાંથી રૂ.૧,૧૦,૭૦૫ રૂપિયા ઉપાડી ગયા હતા અને કોઈએ તેનો મોબાલ હેક કરીને ઉચાપત કર્યાની તે સમયે ભાવનગર સાયબર સેલમાં ફરિયાદ નોંધાવાઈ હતી. દરમિયાન સાયબર સેલને આ અંગેની કડી મળતા આરોપી બિહારના છતોપુરનો હોવાનું જાણવા મળતા કોન્સ્ટેબલે ભરતનગર પોલીસ મથકના તેની સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ ભાવનગર પોલીસ હેડ કવાટરસમા પોલીસ હેડ કોન્સ્ટેબલ તારીકે ફરજ બજાવતા અને સુયવંદના બ્લોક નં.૨૮૦ જુના સિંગલીયા ૧૨ નંબરના બસ સ્ટોપ પાસે ભરતનગર ખાતે રહેતા જયરાજસિંહ આપાભાઈ ખુમાણ ઉવ.૪૬ વાળાએ ભરતનગર પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે ગઈ તા. ૧૬/૦૬/૨૫ ના રોજ બપોરના સમયે તેનો મોબાઈલ જોતા સીમ કાડ અચાનક બંધ થલ ગયેલ હોય જેથી તુરતજ સીમકાડ ચાલુ કરવા માટે જીઓની ઓફીસે ગયેલો અને ત્યા ઓફીસે જાણ કરતા ત્યાના કર્મચારીએપોતાના મોબાઈલ નંબરનુ બીજું નવુ કાર્ડ આપેલ પંરતુ તે સીમકાડ મોબાઈલમા ચાલુ થયેલ નહી બાદ બીજા દિવસે પોતાનો મોબાઈલ નંબરઆધાર કાડ સાથે લીંક કરેલ હોય જેના કારણે સીમકાર્ડ ચાલુ ચતુ ન હોય તેમ જાણવા મળેલ બાદ મહાપાલીકાની ઝોનલ ઓફીસે ભરતનગર રીંગરોડ ગયેલ અને આધારકાર્ડમા જે મોબાઈલ નંબર લીક કરેલ હતો જે નંબર બદલીને નવો મોબાઈલ નંબર લીક કરેલ બીજા દિવસે જીઓની ઓફીસે જઈ નવો મોબાઈલ નંભર લીંક કરેલ તે નંબરનુ સીમકાર્ડ ચાલુ થતા એક્સીસ બેંકનું એકાઉન્ટ ખાતુ મોબાઈલમા ચાલુ થઈ ગયેલ અને એક્સીસ બેંકની એપ્લીકેશનમાં બેલેન્સ ચેક કરતા બેંક ખાતા સાથે. કોઈ યુપીઆઈ. આઈ.ડી. લીક થઈ ગયેલ હોય અને પોતાની જાણ બહાર બેક ખાતા માથી રૂ. ૧,૧૦,૭૦૫ ઉપડી ગયેલ હતા જેનુ ટ્રાન્જેશન તા. ૧૭/૦૬/૨૦૨૫ ના રોજ થયેલ, જેની જાણ તેમને તા..૧૯/૦૬/ ૨૦૨૫ના થતા તુરતસાયબર ક્રાઈમ હેલ્પ લાઈન ઉપર ફરીયાદ કરેલ.

દરમિયાન ભાવનગર સાયબરસેલ દ્વારા તપાસ કરતા જાણવા મળેલ કે આ ફ્રોડ પોતાના મોબાઈલ નંબરસાથે લીક દવારા ઈ-સીમ થઈ ગયેલ હોય જે મોબાઈલની તમામ પ્રકારની માહીતી ઈ-સીમ દવારા પોતાની સાથે ફોડ કરનાર ઈસમનું નામ સચીનકુમાર અનીલકુમાર દાસ રહે, છતાકુરમ માધોપુર રાજ્ય. બિહાર હોવાનુ જાણવા મળેલ. આ ઈસમે પોતાના ફોનમાથી બેંકએકાઉન્ટમાથી ઉપડી ગયેલ રૂ.૧.૧૦.૭૦૫ તેણે અલગ અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કરા વેલ છે. જેની જાણ થયેલ છે. આરોપીએ તા.૧૬ થી ૧૭/૦૬/ ૨૦૨૫ દરમિયાન પોતાના મોબાઈલના સીમકાર્ડ ઉપર કોઈ એપ્લીકેસન અગર તો મોબાઈલમા વોટસઅપના માધ્યમ દ્વારા મોબાઈલ હેંક કરી, ઈન્સીમ કરી મોબાઈલના ડેટાની માહીતી મેળવી એક્સીસ બેંકખાતા માથી રૂપીયા ૧,૧૦,૭૦૫ ઉપાડી લઈ જઈ બીજા બેંક ખાતામાં ટ્રાન્જેકસન કરી નાખેલ હોવાની ફરિયાદ નોંધાવતા ભરતનગર પોલીસે બીએનએસની કલમ ૩૧૮-૪ તથા આઈટી એક્ટ ૬૬-સી મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**સાત મહિના પહેલા અચાનક સીમકાર્ડ બંધ થયેલ બે દિવસ બાદ ચાલુ કરાવેલ જેમાં તેના એક્સિસ બેન્ક એકાઉન્ટમાંથી ઉપડી ગયેલાઃ સાયબર સેલમાં ફરિયાદ નોંધાવેલી, આરોપી બિહારના છતોપુરનો નીકળ્યો**

## ભાજપના પ્રદેશ સંગઠનમાં ભાવ. શહેર જિલ્લામાંથી ત્રણ આગેવાનોને સમાવાયા

### પૂર્વ સાંસદ રાણાને વિશેષ આમંત્રિત અને અભયસિંહ ચૌહાણ તથા ધવલ દવેને કારોબારી સભ્યમાં સ્થાન અપાયું



ભાવનગર,તા.૨૦

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનનો વિસ્તાર કરી આગેવાનોને સ્થાન અપાયું છે, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા વિશેષ આમંત્રિત સભ્ય તેમજ પ્રદેશ કારોબારીમાં ભાવનગર શહેર અને જિલ્લામાંથી ત્રણ આગેવાનોને સ્થાન અપાયું છે.

પ્રદેશ ભાજપ દ્વારા પ્રદેશ વિશેષ આમંત્રિત સભ્યમાં પૂર્વ પ્રદેશ પ્રમુખ અને પૂર્વ સાંસદ ભાવનગર શહેરના રાજુભાઈ રાણાને સમાવાયા છે. પૂર્વ રાજયપાલ વજુભાઈ વાળા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ તથા પૂર્વ ગૃહમંત્રીઓ સહિતના ૨૬ આગેવાનોમાં ભાવનગર શહેરમાંથી પૂર્વ સાંસદ રાણાને સ્થાન મળ્યું છે. આ ઉપરાંત પ્રદેશ કારોબારી સભ્યમાં ભાવનગર શહેર ભાજપના પૂર્વ પ્રમુખ અભ્યસિંહ ચૌહાણ તથા ભાવનગર જિલ્લામાંથી ધવલ દવેને લેવામાં આવ્યા છે. પ્રદેશ પ્રમુખની નિમણૂક બાદ સંગઠનની રચના લાંબા સમયથી ટલ્લે ચડી હતી જેમાં હવે તબક્કાવાર નિમણૂકો સાથે આગેવાનોને જવાબદારી સોંપવાના આવી રહી છે. આગામી પાલિકા, પંચાયત અને કોર્પોરેશનની ચૂંટણીમાં આ નિમણૂકોથી પક્ષને મહતમ લાભ થવાની ગણતરી છે સાથે જ નવા હોદેદારો પર ચૂંટણીમાં પક્ષના ઉમેદવારોને સફળતા અપાવવાનું ભારણ રહેશે.!

## દારૂની ૧૨ બોટલ સાથે એક ઝડપાયો

ભાવનગર,તા.૨૦

ભાવનગરના ભરતનગર પોલીસ મથકના સ્ટાફએ પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ હાલતે ટ્રોલી બેગ લઈને નીકળેલા શખ્સને ઈંગ્લીશ દાનુની ૧૨ બોટલ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી શરુ કરેલ છે.

ભરતનગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો અને ભક્તિનગર પહોંચતા એક શખ્સ લાલ કલરની ટ્રોલીબેગ લઈને શંકાસ્પદ હાલતે નીકળતા તેને અટકાવી પંચોની હાજરીમાં નામ પુછાતા હરદીપસિંહ વનરાજસિંહ રાયજાદા રહે. ભક્તિનગર-૨, પ્લોટ નંબર-૯૩માં રહેતો હોવાનું જણાવેલ તેની પાસે રહેલી ટ્રોલી બેગની તલાસી લેતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૧૨ બોટલ કી.રૂ.૩૫,૨૦૦ મળી આવતા તેની ધરપકડ કરી મુદ્દામાલ જપ્ત કરીને તેની સામે પ્રોહિબિશન એક્ટ ૬૫-એ-એ, ૧૧૬-બી મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

## સોશ્યલ મીડિયામાં છરી સાથેનો વિડીયો પોસ્ટ કરતા ક.પરાનો 'પારેવો' ઝડપાયો

### ગંગાજળિયા પોલીસે તેના ઘરેથી ઉપાડી લીધો

ભાવનગર,તા.૨૦

હાથમાં છરી લઈને દોડતો એક વિડિઓ યુ-ટ્યુબ ચેનલમાં પોસ્ટ કરતા ગંગાજળિયા પોલીસે તપાસ કરીને ભાવનગરના કરચલિયાપરામાં રહેતા "પારેવા" નામના શખ્સને તેના ઘરેથી ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગરની કે ચેનલમાં છરી સાથે દોડતા એક શખ્સનો વિડિઓ પોસ્ટ કરવામાં આવેલ જે અંગે ગંગાજળિયા પોલીસ મથકના સ્ટાફએ તપાસ કરતા આ શખ્સ શહેરના કરચલિયાપરામાં રહેતો નયન ઉર્ફે "પારેવો" હરેશભાઈ બારૈયા ઉ.વ.૨૧ વાળો હોવાનું માલુમ પડતા પોલીસે રેડ પાડી પારેવાને તેના ઘરેથી પકડી લઈને જીપીએકટ ૧૩૫ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

## શહેરમાં ઈ-બસના સંચાલનમાં દબાણો, સાંકડા રસ્તાની અડચણ : તંત્ર ધંધે લાગ્યું - ગામ તળાવમાં રિક્ષા ચાલકો સામે કાર્યવાહી

### કોર્પોરેશને વ્યવસ્થાના ભાગરૂપે કાર્યવાહી કરતા રિક્ષા ધારકો અને અન્યો ટોળે વળ્યા

### શહેરમાં સિટીબસના સંચાલનમાં ગેરકાયદે રીતે ઉભી રહેતી રિક્ષા, લારી ગલ્લા અને પાથરણાવાળા બનશે અડચણ, ગામ તળાવમાં બસ અંદર જઈ જ ન શકે તેવી સ્થિતિ !

ભાવનગર,તા.૨૦

ભાવનગરને અન્ય મેટ્રોસિટી માફક વિકસાવવા શાસકો વચન આપી રહ્યા છે પરંતુ શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા, દબાણોની ભરમાર અને સાંકડા થઈ ગયેલા રસ્તાઓ જોતા સ્વપ્ના સાકાર થવામાં અનેક વિઘ્નો રહેલા છે, ખાસ કરીને હાલ પીએમ ઈ બસ તળે શરૂ થનાર સિટીબસ સેવામાં અડચણો સપષ્ટ દેખાય છે, આખરે તંત્ર ધંધે લાગ્યું છે અને પ્રાથમિક તબક્કે ગામ તળાવમાં વ્યવસ્થા સ્થાપવા કાર્યવાહી હાથ ધરી હતી.

ભાવનગર કોર્પોરેશનને પ્રધાનમંત્રી ઈ બસ સેવા તળે ૧૦૦ બસ પ્રાપ્ત થનાર છે, જે પૈકી ઘણી ખરી બસો આવી ગઈ છે અને ટૂંક દિવસોમાં પ્રથમ ફેઝમાં સિટીબસ સેવા શરૂ કરવાના પ્રયાસો છે પરંતુ શહેરમાં આડેધડ દબાણો, ટ્રાફિકની ભરમાર વચ્ચે સિટીબસ સેવામાં અડચણ ઉભી થાય તેમ જણાય છે. પ્રથમ ફેઝમાં શરૂ થનાર ૬ રૂટમાં ગંગાજળિયા તળાવને આવરી લેવાયુ છે પરંતુ




તળાવ, ઘોઘાગેટ, વાસણ ઘાટ, જશોનાથ સર્કલ સહિતના શહેરના હાર્દ સમા વિસ્તારોમાં લારી, પાથરણા, રિક્ષા ચાલકો દ્વારા બેફામ દબાણ અને આડેધડ પાર્કિંગના કારણે બસ ચાલી શકે તેવી સ્થિતિ નથી ત્યારે આજે એસ્ટેટ વિભાગ દ્વારા ગામ તળાવમાં આજે રિક્ષા ચાલકો સામે કાર્યવાહી કરી ગેરકાયદે પાર્ક થયેલી રિક્ષાઓને લોક કરી રૂ.૧૦ હજારનો દંડ વસૂલાયો હતો.

આગામી દિવસોમાં સિટી બસના તમામ રૂટ પરથી દબાણો અને ટ્રાફિક સમસ્યા દૂર કરવા કાર્યવાહી થનાર છે અને પોલીસનો સહયોગ પણ મેળવાશે તેમ તંત્ર વાહકોએ જણાવ્યું હતું.

## મારા પર હુમલામાં જયરાજનો હાથ, મેં SITને ૧૫ પુરાવા આપ્યા : નવનીત બાલધીયાનો દાવો

ભાવનગર,તા.૨૦

ભાવનગરના બગદાણાના કોળી યુવાન નવનીત બાલધિયા પર થયેલા હુમલા કેસમાં SITની રચના બાદ એક બાદ એક અપડેટ સામે આવી રહ્યા છે. સોમવારે ભોગ બનનાર નવનીત બાલધિયા SIT સમક્ષ નિવેદન આપવા પહોંચ્યા હતા. SITની ૨ કલાક લાંબી પૂછપરછ બાદ નવનીત બાલધિયાએ દાવો કર્યો હતો કે, તેમના દ્વારા સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમને ૧૫ પુરાવા આપ્યા છે. જે પુરાવા મુજબ ટીમ તપાસ કરશે તો મુખ્ય સૂત્રધાર સુધી આસાનીથી પહોંચી જશે. સાથે વધુ એકવાર દાવો કર્યો હતો કે તેમના પર હુમલો જયરાજે જ કરાવ્યો છે.

પીડિત બાલધિયાએ કહ્યું કે, સામાન્ય કોન્સ્ટેબલ પણ માની રહ્યો છે કે, આ હુમલા પાછળ જયરાજ આહીરનો હાથ છે. તેમણે ચીમકી ઉચ્ચારતા કહ્યું કે, જો આ કેસમાં અમને ન્યાય નહીં મળે તો આગામી સમયમાં અમારા સમાજનું સંમેલન બોલાવીશું.

### માયાભાઈ આહીરના પુત્રએ હુમલો કરાવ્યાનો બાલધિયાનો ફરી વખત આક્ષેપ

અત્રે ઉલ્લેખનીય છે કે, બગદાણાના નવનીત બાલધિયા નામના કોળી યુવક પર આઠ શખસે ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રાત્રિના હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા નવનીત બાલધિયાએ ૧ જાન્યુઆરીએ હીરા સોલંકી સાથેની મુલાકાત બાદ કહ્યું હતું કે મુંબઈના એક કાર્યક્રમમાં માયાભાઈ આહીરે બગદાણા ટ્રસ્ટમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે યોગેશભાઈ સાગરના નામનો ઉલ્લેખ કર્યો હતો, જેથી મેં માયાભાઈ આહીરને ફોન કરી જાણ કરી હતી કે બગદાણાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે કોઈ નથી. જેથી માયાભાઈએ કહ્યું હતું કે, હું માફી માગતો વીડિયો મોકલી આપું છું. તેને વીડિયો મોકલતા મેં મારા ચાર પાંચ મિત્રોને મોકલ્યો હતો.




માયાભાઈએ માફી માગતાં તેના પુત્ર જયરાજને લાગી આવ્યું હતું, જેથી તેને મને ફોન કરી મળવા માટે કહ્યું હતું. મેં માયાભાઈને માફી માગવા માટે કહ્યું ન હતું તેને જ સામેથી વીડિયો મોકલ્યો હતો. માયાભાઈ આહીરે માફીનો વીડિયો બનાવ્યો એટલે તેના પુત્ર જયરાજે આખું ષડયંત્ર રચ્યું છે. પોલીસ મારો કેસ ડાઈવર્ટ કરી રહી છે.દરમિયાનમાં ભાવનગર રેન્જ આઈજી ઓફિસ ખાતે SIT ટીમે પ્રથમ વખત આ બનાવના ભોગ બનનાર નવનીત બાલધિયાને નિવેદન માટે આઈજી ઓફીસ ખાતે બોલાવવામાં આવ્યા હતા. જ્યાં તેમનું બપોરના અંદાજિત ૪.૩૦ કલાકથી નિવેદન લેવાની કાર્યવાહી હાથ ધરાય હતી અને મોડી સાંજ ૬.૪૫ સુધી પ્રક્રિયા ચાલી હતી. નિવેદન નોંધાવ્યા બાદ નવનીત બાલધિયા એ જણાવ્યું હતું કે, મારે જે SIT ને નિવેદનો દેવાના હતા, જે બાકી રહેલા પૂફો દેવાના હતા, જે આ તપાસમાં કામ લાગે એ પ્રકારના પ્રૂફ રજૂ કર્યા છે અને લેખિત કર્યું છે, અને મારે જે કાંઈ દેવાનું હતું એ આપ્યું છે. મારી ઉપર જે હુમલો થયો એમાં

અનુસંધાન/૬

CMYK
CMYK